
# ૯ અડધું અને પા

મિન્ટુ બિલાડી અને મોટુ બિલાડી બે દોસ્ત હતાં. એક વાર તેમણે માલિનીના રસોડામાંથી રોટલી ચૂપચાપ લઈ લીધી. મિન્ટુએ કહ્યું, - હું આ લઈશ. ના હું આ લઈશ - મોટુએ કહ્યું. જ્યારે તેઓ ઝઘડતા હતા ત્યારે ત્યાં ટીટુ વાંદરો આવી ચઢ્યો. હાય ! શું કંઈ મુશ્કેલી છે ? તમે કેમ ઝઘડો છો ? - તેણે પૂછ્યું, ''આ રોટલીના ભાગ અમારા બંનેની વચ્ચે કેવી રીતે કરવા, તે અમે નથી જાણતા.'' બંને બિલાડીઓએ કહ્યું. ''સારું ! ચિંતા ન કરો. હું આ રોટલીના બે એકસરખા ભાગ તમારા બંને માટે કરી આપીશ.'' તેણે કહ્યું. હોંશિયાર ટીટુએ રોટલીના આ રીતે બે ભાગ કર્યા.



આ ભાગ એકસરખા નથી. ડાબી બાજુનો ભાગ મોટો છે. મિન્ટુ અને મોટુએ કહ્યું. અરે, કંઈ વાંધો નહીં, હું તેને એક સમાન કરી દઉં - ટીટુએ કહ્યું, પછી તેણે ડાબી બાજુના ટુકડાને કાપ્યો અને ખાઈ ગયો.





અરે ! હવે જમણી બાજુનો ભાગ મોટો છે - બિલાડીઓએ બૂમ પાડી. મને માફ કરો - ટીટુએ કહ્યું, હવે મોટા ટુકડાવાળો ભાગ કાપ્યો અને ખાઈ ગયો. જ્યારે માત્ર નાનો ટુકડો બાકી રહ્યો, ત્યારે તેણે કહ્યું - આ મારા કામનો હિસ્સો છે. પછી ટીટુ ઝડપથી છેલ્લો ટુકડો ખાઈ ઝાડ પર ચઢી ગયો.

### અડધું - અડધું



- જો બંને બિલાડીઓ તમને રોટલી એકસરખા ભાગમાં વહેંચવાનું કહેશે, તો તમે કેવી રીતે ભાગ પાડશો ? જો તમે ટીટુની જેમ છેતરપિંડી ન કરો, તો બંને બિલાડી પાસે આ રીતે ભાગ હશે.



### અડધાનું અડધું


- જો બીજી બે બિલાડી ખાવા માટે આવશે, તો તમે એક રોટલીના ચાર એકસરખા ભાગ કેવી રીતે કરશો ?




### ઘણા ટુકડાનો અડધો ભાગ

રાનીને ચૉકલેટ મળી. તેણે એકસરખા ભાગ કરી તેનો અડધો ભાગ તેની દોસ્ત રીનાને આપ્યો.

- રીનાને મળેલા ભાગ પર ગોળ કરો.



ચૉકલેટનાં કેટલા ટુકડાઓ છે ? __________


રાની પાસે કેટલા ટુકડાઓ બાકી રહ્યા ? __________





**અડધા કાગળમાંથી બનેલા ઘણા બધા આકાર**

કાગળનો એક ટુકડો લો. કાગળમાંથી બે એકસરખા ત્રિકોણ એવી રીતે કાપો, જેથી દરેક ત્રિકોણનું માપ અડધા કાગળ જેટલું હોય. બંને ત્રિકોણને જુદા જુદા રંગ કરો.

- આ બંને ત્રિકોણનો ઉપયોગ કરી જુદા-જુદા આકારો દોરો. એવો જ એક આકાર અહીં દર્શાવેલ છે.




**અડધા ભાગ કરવાના બીજા ઘણા રસ્તા**




આ લંબચોરસને તમે જુદી જુદી કેટલી રીતે અડધા ભાગમાં કાપી શકો ?

- અલગ - અલગ ૫ રીત દોરો.




તે એક સમાન છે કે નહીં, તે તમે ચકાસી શકો ?

**ચોથો ભાગ કરવાની ઘણી રીતો**




- આ લંબચોરસના તમે જુદી જુદી કેટલી રીતે ચાર એકસરખા ભાગ કરી શકો ? જુદી જુદી ૫ રીત દોરો.




તે એકસરખા છે કે નહીં, તે તમે તપાસો.


### કેકના ભાગ પાડવા

રજનીના પપ્પા કેક લાવ્યા. તેણે કેકના ચાર એકસરખા ભાગ કર્યા. તેના પોતાના માટે, તેના ભાઈ રાજુ માટે, તેના પપ્પા અને મમ્મી માટે.






- દરેક ભાગમાં જુદા-જુદા રંગ ભરો.
- દરેકને કેટલા ભાગ મળશે ?




- મમ્મીએ પોતાના ભાગની કેક રજનીને આપી. હવે રજનીને મળેલ કુલ ભાગમાં રંગ પૂરો.
- કુલ ૪ ભાગમાંથી રજનીને ........... ભાગ મળશે, જે બરાબર અડધી કેક જેટલો છે.

તો તે $\frac{\quad}{૪}$ અથવા $\frac{૧}{૪}$ લખી શકે.



રજનીની માતાએ તેને કેકનો ભાગ આપ્યો તે પહેલાં રજની પાસે અડધી કેકનો $\frac{૧}{૨}$ ભાગ હતો. જે કુલ કેકનો $\frac{૧}{૪}$મો ભાગ હતો.

- રાજુને મળેલ ભાગમાં રંગ પૂરો.
- રજની અને રાજુને સાથે મળીને કેટલી કેક મળી ? તેમને મળેલ કુલ ભાગમાં રંગ પૂરો.



બંનેને સાથે મળીને કુલ ૪ ભાગમાંથી ૩ ભાગ મળ્યા. જેને આપણે $\frac{૩}{૪}$ તરીકે લખી શકીએ.

## લોભી કુંદન

કુંદન એક લોભી માણસ છે. જ્યારે પણ એ બજાર જાય ત્યારે તેને વધુ જોઈતું હોય, પરંતુ તેને વધુ પૈસા ચૂકવવા ન હોય.

એક દિવસ તેને કોળાનો હલવો (મીઠાઈ) ખાવાનું મન થયું. તેણે ખૂબ મોટું કોળું માત્ર ₹ ૧૦માં ખરીદવાનો પ્રયત્ન કર્યો. પહેલાં તેણે પ્રથમ દુકાનદારને કોળાનો ભાવ પૂછ્યો.

પહેલો કોળું વેચનાર -

આ કોળાના $\frac{૧}{૪}$ ભાગની કિંમત ₹ ૧૦.

- આ આખા કોળાની કિંમત ₹ .............

કુંદન - ઓહો ! ૧૦ રૂપિયામાં તારે મને $\frac{૧}{૨}$ કોળું આપવું જોઈએ.

પહેલો કોળું વેચનાર - તો તમે બીજા દુકાનદાર પાસે જાવ, તે તમને આ કોળાનો $\frac{૧}{૨}$ ભાગ ₹ ૧૦માં આપશે. હું માત્ર સારી ગુણવત્તાવાળું કોળું જ રાખું છું.



કુંદન બીજા દુકાનદાર પાસે ગયો અને તેટલા જ માપનું કોળું શોધવા માંડ્યો.

કુંદન - આ કોળામાંથી મને ₹ ૧૦માં કેટલું મળશે ?

બીજો કોળું વેચનાર - અડધું

- આ સંપૂર્ણ કોળાનો ભાવ ₹ ..................

કુંદન - ઓહો ! કેમ તું મને $\frac{3}{4}$ ન આપે ?

બીજો કોળું વેચનાર - ભાગ અહીંથી ! જા, પેલા માણસ પાસેથી તું કોળું લઈ લે. તે આવા હલકી ગુણવત્તાનાં શાકભાજી વેચે છે. એ તને કદાચ આ માપનું આખું કોળું પણ ૧૦ રૂપિયામાં આપી દેશે.

લાલચુ કુંદન ત્રીજા કોળું વેચનાર પાસે ગયો. તેણે તેના જેવું જ કોળું જોયું અને પૂછ્યું - તું મને આ આખું કોળું ₹ ૧૦માં આપીશ ?

ત્રીજો કોળું વેચનાર - તું પેલા ઘરના છાપરા પર શા માટે નથી ચડી જતો ? તને ત્યાં વેલા પરથી ઘણાં બધાં કોળા તદ્દન મફતમાં મળશે.

કુંદન ખૂબ ખુશ થઈ ગયો. તે ઘરના છાપરા પર ચઢવા લાગ્યો અને .........



**વસ્તુની કિંમત સાથેની સૂચિનો ઉપયોગ કરો**

| વસ્તુ | ભાવ (₹ માં) (૧ કિગ્રા) |
|---|---|
| ટમેટા | ૮ |
| બટાટા | ૧૨ |
| ડુંગળી | ૧૦ |
| ગાજર | ૧૬ |
| કોળું | ૪ |

અ) $\frac{1}{2}$ કિગ્રા ટમેટાની કિંમત કેટલી ?

બ) કોની કિંમત વધારે, $\frac{1}{2}$ કિગ્રા ડુંગળીની કે $\frac{1}{4}$ કિગ્રા ગાજરની ?

ક) $\frac{3}{4}$ કિગ્રા બટાટાની કિંમત કેટલી થાય ?

ડ) કીર્તિ ખરીદી કરવા જઈ રહી છે. તેની પાસે માત્ર ₹ ૨૦ છે. શું તેની પાસેની ખરીદીની યાદીની દરેક વસ્તુ તે ખરીદી શકશે ?

ઈ) તમારી જાતે બે પ્રશ્નો બનાવો.


૧.


૨.



**મહાવરો**


ક) આકૃતિના કેટલામાં ભાગમાં કલર કરેલો છે ? દરેક આકૃતિની નીચે લખો.






______________ ______________


ખ) દરેક આકૃતિની નીચે લખેલા ભાગ જેટલો રંગ પૂરો.




૧/૨




૩/૪



૩/૪



૧/૪




૧/૨




૩/૪

**ગ) અડધું કરો.**


નીચે આપેલા આકારમાં લીટી દોરી તેના અડધા ભાગ કરો.




ઘ) અહીં દર્શાવ્યા પ્રમાણે અડધી સંખ્યાના આકારમાં રંગ ભરો.



ચ) $\frac{૧}{૪}$ ભાગના આકારોમાં રંગ ભરો.



(છ) નીચે દર્શાવ્યા પ્રમાણે રંગ કરેલા ભાગને જોડો.




## બીજો અડધો ભાગ બનાવો

જ) $\frac{૧}{૨}$ ચિત્ર અહીં દોરેલ છે. શું તમે બીજું અડધું ચિત્ર દોરી રેખાકૃતિ પૂર્ણ કરી શકશો ?



ઝ) આ ચોથા ભાગનું ચિત્ર છે. તમે તેને પૂર્ણ કરી શકશો ? તમે તેને પૂર્ણ કરવા બીજા કેટલા ચોથા ભાગ દોરશો ? ...........................



## મીટરનું અડધું અને પા

તમારી મીટરપટ્ટીનો ઉપયોગ કરી એક મીટર દોરી કાપો.

- આ દોરી ઉપર $\frac{૧}{૨}$ મીટર, $\frac{૧}{૪}$ મીટર અને $\frac{૩}{૪}$ મીટરનાં નિશાન કરો.
- તમારી દોરીનો ઉપયોગ કરી $\frac{૧}{૨}$ મીટરના માપની લીટી જમીન પર દોરો.
  તે લીટી કેટલા સેન્ટિમીટરની છે ? ______________



તો

$\frac{૧}{૨}$ મીટર = .......... સેમી

$\frac{૧}{૪}$ મીટર = .......... સેમી


$\frac{૩}{૪}$ મીટર = .......... સેમી

શું તમે જોયું જ્યારે આપણે $\frac{૧}{૨}$ અને $\frac{૧}{૪}$ ઉમેરીએ ત્યારે આપણને $\frac{૩}{૪}$ મળે ?

**દૂધની વહેંચણી**

આ બૉટલ દૂધથી સંપૂર્ણ ભરેલ છે અને તેમાં ૧ લિટર દૂધ સમાઈ શકે છે. આ દૂધ બીજી ૪ બૉટલમાં એવી રીતે રેડો કે જેથી દરેક બૉટલમાં $\frac{૧}{૪}$ લિટર દૂધ ભરાય.


- દરેક બૉટલમાં ભરેલ દૂધની સપાટી પેન્સિલથી રેખાંકિત કરો.



**યાદ રાખો, ૧ લિટર = ૧૦૦૦ મિલિલિટર**


- દરેક બૉટલમાં કેટલા મિલીલિટર દૂધ હશે ? ......................

શ્યામે ૧ લિટર દૂધ બે બૉટલોમાં એવી રીતે ભર્યું કે જેથી પ્રથમ બૉટલમાં $\frac{૩}{૪}$ લિટર અને બીજી બૉટલમાં $\frac{૧}{૪}$ લિટર દૂધ ભરાય.




- દરેક બૉટલમાં ભરેલ દૂધની સપાટી સુધી પેન્સિલથી નિશાની કરો.
- દરેક બૉટલમાં કેટલા મિલીલિટર દૂધ હશે ?

## વજન સમતોલ કરવું




- ઉપર દર્શાવેલ-વજન એવી રીતે પસંદ કરો કે બંને પલ્લા સમાન થાય. તમે જુદી જુદી કેટલી રીતે તે કરી શકશો ?

અ) ખાલી પલ્લામાં વજન દોરો.





**યાદ રાખો, ૧ કિગ્રા = ૧૦૦૦ ગ્રામ**

બ) જુદી-જુદી કેટલી રીતે તમે $\frac{૩}{૪}$ કિગ્રા વજનના પલ્લાને સમાન કરી શકો ?

(૧) ................


(૨) ...............

(૩) ...............



## શા માટે તે ખોટું છે ?

કાનને રંગપૂરણી કરેલ કેટલાક ભાગ અહીં દર્શાવેલ છે, પરંતુ તેની દોસ્ત મીની કહે છે કે તે ખોટું છે. સમજાવો તે શા માટે ખોટું છે.




## મહાવરો

- કુલ ૬૦ કેરી છે. તેમાંથી $\frac{૧}{૨}$ પાકેલી છે, તો કેટલી કેરીઓ પાકેલી છે ?
- કુલ ૩૨ બાળકો છે. તેમાંથી $\frac{૧}{૨}$ છોકરીઓ છે. કેટલા છોકરાઓ છે ?
- કુલ ૨૦ તારાઓ છે. તેમાંથી ચોથા ભાગના લાલ છે, તો કેટલા તારા લાલ છે ? કેટલા લાલ નથી ?
- રવિને પેન્સિલ જોઈએ છે. જેની કિંમત ₹ ૨ છે. તેણે ₹ ૧નો એક સિક્કો અને ૫૦ પૈસાનો એક સિક્કો આપ્યો. શું તે પૂરતું છે ?



